દાખલ તારીખ: ૨૧ ૦૨ ૨૦૨૬
રજી. તારીખ : ૨૧ ૦૨ ૨૦૨૬
ફેસંલ તારીખ : ૦૬ ૦૩ ૨૦૨૬
સમયગાળો :વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૧૨

**સુરેન્દ્રનગરના મહે.સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં. મુ.સુરેન્દ્રનગર.**

**ફો.પ.અ.નં. ૧૯૮/૨૦૨૬**

**આંક :-૦૮**

સલીમખાન દિલાવરખાન પઠાણ
ઉ.વ.આ.૪૨,ધંધો-વેપાર
રહે.એ.ડી.જાની રોડ,ગોલતર પા
લીંબડી ............અરજદાર

**વિરુદધ**

શ્રી સરકાર .............સામાવાળા

---

વિ.વકિલશ્રી પી.આર.ચૌહાણ........................અરજદાર તરફે
વિ.સ્પે.પીપીશ્રી એચ.એ.પરમાર..............સામાવાળા શ્રી સરકાર તરફે

---

**બાબત:-** ભારતીય નાગરિક સુરક્ષા સહિંતા ૨૦૨૩ ની કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.

**:::::: ચુ કા દો ::::::**

(૧) આ કામના અરજદાર/આરોપી વઢવાણ પોલીસ સ્ટેશન પ્રોહી.ગુના રજી. નં. ૧૪૭/૨૦૧૯, પ્રોહિબીશન એકટ કલમ ૬૫(એ)(ઇ), ૮૦, ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(બી) તથા ઇ.પી.કો.કલમ ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) મુજબના ગુના સબબ જયુડીશીયલ કસ્ટડીમાં હોય તેઓએ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી ભારતીય નાગરિક સુરક્ષા સહિંતા ૨૦૨૩ ની કલમ ૪૮૩ હેઠળ દાખલ કરેલ છે.

(૨) અરજદારની અરજી સબંધે સરકારશ્રીને નોટીસ કરવામાં આવતા સરકાર તરફે વિ.સ્પે.પી.પી.શ્રી એચ.એ.પરમાર હાજર થયેલ છે અને તેઓએ આંક–૫ થી તપાસ કરનાર અમલદાર **ઇ/ચા**.પી.આઇ.શ્રી ઝેડ.એલ. ઓડેદરાનુ સોગંદનામુ રજુ કરેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી પી.આર. ચૌહાણનાઓએ તેમની દલીલમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર/ આરોપીએ આગોતરા જામીન ઉપર મુકત થવા માટે ક્રો.પ.અ.નં. ૮૧૯/૨૫ દાખલ કરેલ હતી, જે અરજી સેશન્સ કોર્ટ દ્વારા નામંજુર કરવામા આવેલ હતી. વધુમાં અરજદાર સામે ખોટી હકીકત ઉપજાવી કાઢી હાલના આ ગુનામાં ખોટીરીતે સંડોવી દીધેલ છે. અરજદાર નિર્દોષ છે. કહેવાતો કોઇ ગુનો કરેલ નથી. વધુમાં દલીલમાં જણાવેલ છે કે, ફરીયાદ જોવામા આવે તો મુદામાલ મગાવનાર તરીકે ફરીયાદમા જે હાજર ઇસમોના નિવેદનો લેવામા આવેલ હતા તેના પરથી હાલના અરજદારનુ નામ ખુલવા પામેલ છે. વધુમાં અરજદારના મોબાઇલ ફોનમા વાતચીત કરીને અરજદારે પકડાયેલા માલ મગાવેલાની

હકીકત ખોલવામા આવેલ છે તેમજ અરજદારની કાર લઈ આ કામમા પકડાયેલ મુદામાલ ઉતારવા માટે મજુરો લઈ ગયેલા અને બનાવવાળી જગ્યાએ પોલીસ હાજર હોય ત્યાંથી નાસી ગયેલાની હકીકત જણાવેલ છે. વધુમાં આ કામે તપાસ દરમ્યાન કોઈ વાતચીતના સી.ડી.આર. રજુ કરવામા આવેલ નથી. વધુમાં દલીલમાં જણાવેલ છે કે આ કામે જે જગ્યાએ પ્રોહીબીશન મુદામાલ પકડાયેલ છે તે જગ્યાએ હાલના અરજદારની કોઈ હાજરી નથી, મજુરો ધ્વારા હાલના અરજદારનુ નામ આપવામા આવેલ છે. વધુમાં દલીલમાં જણાવેલ છે કે, આ ગુનાના કામે કહેવાતો માલ મગાવનાર તમામ આરોપીઓને નામ.હાઈકોર્ટ ધ્વારા જામીન મુકત કરવામા આવેલ છે. વધુમાં હાલના અરજદાર જેવા જ રોલવાળા આરોપીને અત્રેની કોર્ટ ધ્વારા ક્રો.પ.અ.નં. ૮૪૪/૨૩ થી જામીન મુકત કરવામા આવેલ છે. જેથી હાલના અરજદાર પેરીટીના ધોરણે પણ જામીન ઉપર મુકત થવા હકકદાર છે. વધુમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર અરજીમા જણાવેલ સરનામે રહે છે અને વેપાર કરી ઘરનુ ગુજરાન ચલાવે છે. પરીવારની તમામ જવાબદારી અરજદાર ઉપર છે. અરજદાર નામ.કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા તૈયાર અને ખુશી છે.તે તમામ હકીકતો ધ્યાને લઈ અરજદાર/આરોપીના જામીન મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) સામાપક્ષે વિ.સ્પે.પી.પી.શ્રી એચ.એ.પરમારનાઓએ ઉપરોકત રજુઆત સામે દલીલ કરતા જણાવેલ છે કે, હાલના ગુનાના કામે રેડ દરમ્યાન ભારતીય બનાવટનો વિદેશી દારૂની કુલ ૭૪૭૫ બોટલો, કિમંત રૂા.૨૨,૪૨,૫૦૦/- નો પ્રોહીબીશન મુદામાલ કબજે કરવામાં આવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, હાલના અરજદારનો રોલ જોવામાં આવે તો તેમનો રોલ મુદામાલ દારૂ મગાવનાર તરીકેનો છે અને પોલીસ તપાસ દરમ્યાન અરજદાર/આરોપીનુ નામ ખુલવા પામેલ છે. વધુમાં હાલના અરજદારની અગાઉ પણ આગોતરા જામીન અરજી સેશન્સ કોર્ટ,સુરેન્દ્રનગર દ્વારા નામંજુર કરવામા આવલ છે અને ત્યારબાદ અરજદારે નામ.હાઇકોર્ટમા પણ આગોતરા જામીન ઉપર મુકત થવા માટે અરજી કરેલ હતી જે અરજી વિથડ્રો કરેલ છે.હાલનો ગુનો સને.૨૦૧૯ ની સાલનો છે. વધુમાં દલીલમાં જણાવેલ છે કે, અગાઉ જે આરોપીઓને જામીન મુકત કરવામા આવેલ છે તે આરોપી ઓને ચાર્જશીટ થયા બાદ જામીન મુકત કરવામા આવેલ છે તેથી હાલના અરજદારને પેરીટીનો લાભ મળી શકે તેમ નથી. વધુમાં અરજદાર વિરુધ્ધ લીંબડી પોલીસ સ્ટેશનમાં પણ ત્રણ ગુનાઓ જેમા શરીર સબંધી અને આર્મ્સ એકટના ગુનાઓ નોંધાયેલ છે.તે તમામ સંજોગો ધ્યાને લઇ અરજદારની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બન્ને પક્ષોના વિ.વકીલશ્રીની દલીલો તથા તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ ધ્યાને લેતા, ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામની ફરીયાદ સ્ટેટ મોનીટરીંગ સેલના પો.કો. મહેન્દ્રસિંહ હરીસિંહ દ્વારા તા.૨૦/૧૨/૧૯ ના રોજ આપવામાં આવેલ છે અને તે મુજબ તેઓ તથા સ્ટાફના પ્રોહીબીશન અંગેની કામગીરીમા હતા તે દરમ્યાન બાતમી હકીકત મળેલ કે સુ.નગર જિલ્લાના લીંબડી ખાતે રહેતા સલીમ પઠાણ અને ગીરીરાજ સિંહ નામના ઇસમો ટ્રક અને ટ્રેલર જેવા મોટા વાહન મારફતે પરપ્રાંતમાથી ગે.કા. ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મંગાવી લીંબડી આજુબાજુ

હાઈવે રોડ પરની હોટલોના પાર્કીંગમા પાર્ક કરાવી પોતે તથા અન્ય માણસો મારફતે આજુબાજુના સીમ વિસ્તારમા અંધારામા લઈ જઈ અન્ય વાહનોમા ભરાવી કટીંગની પ્રવૃતિ કરે છે. સદર બાતમીના આધારે પંચોને સાથે રાખી બલદાણા ગામથી થોડા આગળ જતા પંચદેવ પૅરેમાઉન્ટ હોટલ આગળ પાર્કીંગમા ત્રણ ટ્રકો પાર્ક થયેલ હતી જેમા એક ટ્રક શંકાસ્પદ હોય સાથેના એ.એસ.આઈ.ની સુચના મુજબ વોચમા રહેલ અને થોડીવારમા કલાક ૨૦:૧૫ ના સુમારે હોટલમાથી ત્રણ ઈસમો બહાર આવી ટ્રકના કેબીનમા બેસી એક ઈસમ મોબાઈલ પર વાત કરતા જણાયેલ અને તેના પર શંકા જતા પંચો સાથે જતા ટ્રકના કેબીનમાથી બે ઈસમો ઉતરતા કોર્ડ કરી રોકી લીધેલ અને પુછપરછ કરતા ટ્રકમા બેઠેલ ઈસમ ટ્રકનો ચાલક હોવાનુ જણાવેલ અને નીચે ઉતારી નામ પુછતા મહોબતઅલી ફારુકખાન સૈરાની હોવાનુ જણાવેલ અને ટ્રકમા ભરેલ માલ બાબતે જરુરી પુછપરછ કરી ચેકીંગ કરતા કોથળાઓ નીચે પુંઠાના બોક્ષ મળી આવેલ અને ચાલકને બોક્ષ બાબતે પુછતા ટ્રકમા વેસ્ટેજ બટાટાના કોથળાઓ નીચે વિદેશી દારૂના પુઠાના બોક્ષ ભરેલ હોવાનુ જણાવેલ અને ત્યારબાદ પકડાયેલ ઈસમો અને ટ્રકને વઢવાણ પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવેલ અને ટ્રકમાં અલગ અલગ બ્રાન્ડની કુલ ૭૪૭૫ બોટલો, કિમંત રૂા. ૨૨,૪૨,૫૦૦/- નો પ્રોહિબીશન મુદામાલ મળી આવેલ હતો. વધુમાં ત.ક.અમલદારનુ સોગંદનામુ વંચાણે લેવામાં આવે તો, હાલના અરજદાર/આરોપી તેમજ અન્ય આરોપીઓએ સદર વિદેશી દારૂનો જથ્થો મંગાવેલ હતો. વધુમાં આ કામનો બનાવ તા.૧૯-૧૨-૨૦૧૯ ના રોજ બનેલ છે.વધુમાં હાલના અરજદાર તથા અન્ય આરોપીઓએ એકબીજાના મેળાપીપણામા પોતાના આર્થિક ફાયદા સારુ ટ્રકમા બટાટાની ગુણો ભરી

તેની આડમા ગેરકાયદેસર રીતે ખુબ જ મોટા જથ્થામાં વિદેશી દારૂ મગાવી હેરાફેરી તથા વેચાણ કરતા હોવાનુ પ્રથમ દર્શનિય જણાય છે.વધુમાં હાલના અરજદાર વિરુધ્ધ લીંબડી પોલીસ સ્ટેશનમાં પણ ત્રણ ગુનાઓ જેમા શરીર સબંધી અને આર્મ્સ એકટના ગુનાઓ નોંધાયેલ છે તે જોતા અરજદાર ગુનાહિત ઈતીહાસ ધરાવે છે.વધુમાં આ કામના અરજદાર/આરોપીની અગાઉ પણ આગોતરા જામીન અરજી અત્રેની કોર્ટ દ્વારા નામંજુર કરવામા આવેલ હતી અને ત્યારબાદ અરજદારે નામ.વડી અદાલતમા આગોતરા જામીન મેળવવા માટે ફો.પ.અ.નં. ૧૯૮૯૬/૨૫ થી આગોતરા જામીન અરજી કરેલ હતી જે અરજી પણ અરજદારે વિથડ્રો કરેલ છે.વધુમાં અરજદારે નામ.ગુજરાત હાઇકોર્ટમા જે કવેશીંગ અરજી કરેલ હતી તે અરજી ડીસ્ચાર્જ કરેલ છે. વધુમા આ કામે અરજદારે તરફે મુખ્યત્વે એવી દલીલ કરેલ છે કે, આ જ ગુનાના અન્ય આરોપી કે જેનો રોલ માલ મગાવનાર તરીકેનો હતો તે આરોપી આશીક હુસેન ઉર્ફે આશીકભાઇ હબીબભાઇ દેસાઇને નામ.વડી અદાલત દ્વારા ફો.પ.અ.નં. ૧૬૫૫૫/૨૦૨૦ ના કામે જામીન મુકત કરવામા આવેલ છે તેથી હાલના અરજદારને પણ પેરીટીના ધોરણે જામીન મુકત કરવા જોઇએ.પરંતુ નામ.વડી અદાલતે આરોપી આશીકહુસેન ઉર્ફે આશીકભાઇ હબીબભાઇ દેસાઇને જામીન મુકત કરેલ છે તે ચાર્જશીટ થયા બાદ જામીન મુકત કરેલ છે. જયારે હાલના અરજદાર સામે હજુ ચાર્જશીટ કરવાનુ બાકી છે. વધુમાં અરજદાર તરફે એવી પણ રજુઆત કરેલ છે કે, આ જ ગુનાના અન્ય આરોપી રાજુભાઇ ઓઘાભાઇ ભોરણીયાને અત્રેની કોર્ટ દ્વારા ફો.પ.અ.નં. ૮૪૪/૨૩ ના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત કરેલ છે, પરંતુ તે આરોપીનો રોલ અને હાલના અરજદારનો રોલ અલગ છે.હાલના અરજદાર પ્રોહિબીશનનો માલ

મગાવનાર છે.તેથી હાલના અરજદારને પેરીટીનો લાભ મળી શકે તેમ નથી. વધુમાં ત.ક.અમલદારનુ સોગંદનામુ વંચાણે લેતા હાલના અરજદાર /આરોપીની પ્રથમ દર્શનિય ગુનામાં સંડોવણી છે અને આ કામે ખુબ જ મોટા પ્રમાણમા પ્રોહિબીશન મુદામાલ મળી આવેલ છે તે તમામ હકીકતો ધ્યાને લેતા અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા હું મારી વિવેકબુધ્ધિને આધિન સત્તા વાપરવી ન્યાયોચિત ગણતો નથી અને નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**::: હુ ક મ :::**

અરજદાર/આરોપી સલીમખાન દિલાવરખાન પઠાણની બી.એન. એસ.એસ.એકટની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આજરોજ તા.૬ ઠી માહે માર્ચ, સને.૨૦૨૬ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**સુરેન્દ્રનગર**
**તા.૦૬/૦૩/૨૦૨૬**

**(કૈલાશનાથ રાધેશ્યામ ઉપાધ્યાય)**
**સેશન્સ જજ,સુરેન્દ્રનગર**
**(Unique ID Code : GJ 00333)**

*S.N.M.*